# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે માર્ચ-૨૦૨૩માં યોજાયેલ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) અને ગુજકેટ-૨૦૨૩નું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર **તા.૦૨/૦૫/૨૦૨૩**ના રોજ ઓનલાઈન જાહેર કરવામાં આવેલ. માર્ચ-૨૦૨૩ના ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) અને ગુજકેટના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો તમામ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે **તા.૧૦/૦૫/૨૦૨૩**ના રોજ બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) અને ગુજકેટના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી **તા.૧૧/૦૫/૨૦૨૩**ના રોજ જિલ્લાની વિજ્ઞાન પ્રવાહની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવી. રાજ્યની વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાનું પરિણામ (ગુણપત્રકો, પ્રમાણપત્રો અને એસ.આર.) મુખત્યારપત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાનાં રહેશે. શાળાઓએ **તા.૧૨/૦૫/૨૦૨૩**ના રોજ વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવાનું રહેશે.

ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના ઉમેદવારોની ગુજકેટ-૨૦૨૩ પરીક્ષાની માર્કશીટ ટપાલ **(BY POST)** દ્વારા મોકલી આપવામાં આવશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**તારીખ :** ૦૮/૦૫/૨૦૨૩
**સ્થળ :** ગાંધીનગર